ડો.બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય(અ.જા.), જૂનાગઢના મકાનના વિજળીકરણના ખર્ચ અંદાજોને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2649/G
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૨/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૦૮/૧૦/૨૦૨૪ના પત્ર ક્રમાંક: અજાક/ગ/સછા/૨૪-૨૫/૭૬૮૦-૮૧

આમુખ:

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે તેમજ તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તે માટે રાજ્યભરમાં સરકારી છાત્રાલયો(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૧૧ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમો માટે રહેવા, જમવાની નિ:શુલ્ક સુવિધા આપવામાં આવે છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૮/૧૦/૨૦૨૪ના પત્રથી ડો.બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય(અ.જા.), જૂનાગઢના મકાનના વિજળીકરણ માટે રૂ.૭,૭૭,૯૪૧/- (અંકે રુપિયા સાત લાખ સિત્તોતેર હજાર નવસો એકતાળીસ પુરા)ના ખર્ચ અંદાજોને વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડો.બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય(અ.જા.), જૂનાગઢના મકાનના વિજળીકરણ માટે રૂ.૭,૭૭,૯૪૧/- (અંકે રુપિયા સાત લાખ સિત્તોતેર હજાર નવસો એકતાળીસ પુરા)ના ખર્ચ અંદાજોને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્ય સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર- ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મુડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ , પેટા સદર – ૦૪ SCW-૩૨ સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૧/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત

- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.જૂનાગઢ
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર ઠરાવ મૂકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૫